# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-10-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છને રાષ્ટ્રીય સ્તરનો એવોર્ડ પ્રાપ્ત:

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા "પ્રાઇમ મિનિસ્ટર ધન-ધાન્ય કૃષિ યોજના હેઠળ શ્રેષ્ઠ કામગીરી બદલ કચ્છ જિલ્લાને રાષ્ટ્રીય સ્તરના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો છે.

આજે નવી દિલ્હી ખાતે યોજાયેલા સમારંભમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણના હસ્તે કચ્છ જિલ્લાને સર્ટિફિકેટ ઓફ એક્સેલન્સ અને પુરસ્કાર એનાયત કરાયા હતા. આ પ્રસંગે કચ્છ કલેક્ટર અનિલ રાણાવાસિયા અને જિલ્લા ખેતીવાડી અધિકારી કિરણસિંહ વાઘેલાએ આ સન્માનનો સ્વીકાર્યો હતો.

આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ જિલ્લા વહીવટીતંત્ર, ખેતીવાડી વિભાગ અને તમામ ખેડૂતમિત્રોને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------------------

## દેશલપરથી હાજીપીર સુધીના માર્ગનું કામ:

દેશલપર ફાટકથી હાજીપીર સુધીનો રૂા. ૯૬.૫૦ કરોડના ખર્ચે બની રહેલો સીસીરોડ હવે પૂર્ણતાના આરે છે. આ તકે ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ અને અબડાસાના ધારાસભ્ય પી.એમ. જાડેજાએ સ્થળ પર પહોંચી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

**બંને ધારાસભ્યોએ R&B વિભાગના અધિકારીઓ પાસેથી રોડની ગુણવત્તા અને પ્રગતિ અંગે વિગતો મેળવી જરૂરી સૂચનાઓ આપી હતી. ત્યારબાદ તેમણે હાજીપીર દરગાહે ચાદર ચડાવી દર્શન કર્યા હતા.**

**આ નવો માર્ગ દરગાહે આવતા શ્રદ્ધાળુઓ ઉપરાંત ગડુલી-સાતલપુર રોડ, ધોરડો, વ્હાઇટ રણ, કાળો ડુંગર અને ધોળાવીરા તરફ જતા પ્રવાસીઓ માટે પણ ખૂબ મહત્ત્વપૂર્ણ સાબિત થશે**

**----------------------------------------------------------------------------------------------**

## જન સેવા સે દેશ સેવા-સ્પેશ સેક્ટરમાં પરિવર્તન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર જીવનમાં 25 વર્ષ પૂર્ણ કર્યા છે. આ પ્રસંગે અમારી વિશેષ શ્રેણીમાં, આજે વાત કરીશું સ્પેશ સેક્ટરમાં પરિવર્તન વિશે.

*(વોઇસ કાસ્ટ : કલ્પના શાહ)*

*ભારતના અવકાશ ક્ષેત્રમાં એક મોટું પરિવર્તન જોવા મળી રહ્યું છે. પાંચ દાયકા સુધી આ ક્ષેત્રમાં ઇસરોનું વર્ચસ્વ રહ્યું હતું, પરંતુ હવે ખાનગી કંપનીઓ પણ નવી સિદ્ધિઓ હાંસલ કરી રહી છે. વર્ષ 2020માં સરકારે ખાનગી અવકાશ પ્રવૃત્તિઓને મંજૂરી આપવા અને પ્રોત્સાહન આપવા માટે ઇન-સ્પેસ નામની સ્વતંત્ર સંસ્થાની સ્થાપના કરી હતી. વર્ષ 2023ની ભારતીય અવકાશ નીતિએ પણ ખાનગી ક્ષેત્ર માટે નવી તકો ઊભી કરી.*

*આ ફેરફારોની અસરરૂપે વર્ષ 2014માં માત્ર એક અવકાશ સ્ટાર્ટઅપ ધરાવતા ભારતમાં વર્ષ 2026 સુધીમાં આશરે 440 નોંધાયેલાં સ્પેસ ટેક્નોલોજી સ્ટાર્ટઅપ્સ ઊભાં થયાં છે. આ ક્ષેત્રમાં ખાનગી રોકાણ પણ 618 મિલિયન ડોલરને વટાવી ગયું છે.*

*નવેમ્બર 2025માં સ્કાયરૂટ એરોસ્પેસના 'ઇન્ફિનિટી'ના ઉદ્ઘાટન પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતના અંતરિક્ષ ક્ષેત્રના ઉજ્જવળ ભવિષ્યની આશા વ્યક્ત કરતા આ મુજબ કહ્યું હતું.*

*(બાઇટ : નરેન્દ્ર મોદી)*

*ખાનગી અવકાશ ઉદ્યોગની મહત્ત્વપૂર્ણ સિદ્ધિ તરીકે 18 જુલાઈ, 2026ના રોજ સ્કાયરૂટ એરોસ્પેસના વિક્રમ-1 રોકેટનું પ્રક્ષેપણ નોંધાયું હતું. શ્રીહરિકોટાથી ઉડાન ભર્યા બાદ રોકેટ પ્રથમ*

*પ્રયાસમાં જ ભ્રમણકક્ષામાં પહોંચ્યું હતું. આ ઘટનાને ભારતના ખાનગી અવકાશ ઉદ્યોગ માટે ઐતિહાસિક પગલું માનવામાં આવે છે.*

*નીતિગત સુધારા અને ખાનગી રોકાણના સહારે ભારતનું અવકાશ ક્ષેત્ર નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. આ પરિવર્તન દેશને વૈશ્વિક અવકાશ બજારમાં વધુ મજબૂત સ્થાન અપાવવાની ક્ષમતા ધરાવે છે.*

*કલ્પના શાહ, આકાશવાણી સમાચાર ભુજ*

------------------------------------------------------------------------------------------------

## માર્ગો પર સફાઈ અભિયાન :

માતાના મઢ આશાપુરા ધામ જતા પદયાત્રીઓનો પ્રવાહ ઘટતાં જ વહીવટી તંત્ર દ્વારા મહાસફાઈ અભિયાન હાથ ધરાયું છે. નખત્રાણાના પ્રાંત અધિકારી ઉત્કર્ષ ઉજ્જવલના માર્ગદર્શન હેઠળ નખત્રાણા તાલુકામાં ૨૦ અને લખપતમાં ૫ ટીમો બનાવી સફાઈ કામગીરી હાથ ધરાઇ છે.

નખત્રાણા તાલુકામાં કેમ્પની આસપાસના ૧૦૦ મીટર વિસ્તારને કેમ્પ પૂર્ણ થયાના ૨૪ કલાકમાં સ્વચ્છ કરવાની જવાબદારી અધિકારીઓને સોંપાઈ છે.

------------------------------------------------------------------------------------------------

## વિવિધ જાહેરનામા:

કચ્છ જિલ્લામાં આગામી ધાર્મિક તહેવારો, ઉત્સવો અને મેળાઓ દરમિયાન શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવાના હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પાર્થ કોટડીયા દ્વારા ૧૮મી ઓક્ટોબર ૨૦૨૬ સુધી વિવિધ પ્રતિબંધાત્મક જાહેરનામા જારી કરવામાં આવ્યા છે.

જાહેરનામા અનુસાર, જિલ્લામાં કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સમગ્ર કચ્છમાં હથિયારબંધી લાગુ કરાઈ છે. આ ઉપરાંત, જિલ્લા અને તાલુકા સેવા સદન, કલેક્ટર કચેરી, પોલીસ સ્ટેશનો અને સરકારી કચેરીઓના ૧૦૦ મીટરના પરિસરમાં ધરણા, પ્રતિક ધરણા, ઉપવાસ પર બેસવા કે ૪થી વધુ વ્યક્તિઓએ એકઠા થઈને રેલી સ્વરૂપે આવેદનપત્ર

આપવા પર સખત મનાઈ ફરમાવવામાં આવી છે. તેમજ સરકારી કચેરીઓમાં જાહેર જનતાને છેતરીને ગેરમાર્ગે દોરતા અનઅધિકૃત વચેટીયાઓના પ્રવેશ પર પણ રોક લગાવાઈ છે.

બીજી તરફ, રાષ્ટ્રીય સુરક્ષા અને શાંતિ જાળવવાના ભાગરૂપે ૨ ડિસેમ્બર સુધી પશ્ચિમ અને પૂર્વ કચ્છના માનવ વસાહત રહિત ૨૧ સંવેદનશીલ ટાપુઓ પર બિનઅધિકૃત પ્રવેશ પર પ્રતિબંધ મુકાયો છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

-------------------------------------------------------------------------------------------